કોરોનાના દૈનિક કેસોમાં ઘટાડો, વધુ ૩૧,૧૧૮ સંક્રમિત

સતત ૨૧માં દિવસે કોરોનાના એક્ટિવ કેસો ૫ લાખથી ઓછા નોંધાયા : કુલ સંક્રમિતોનો આંકડો ૯૪.૬૨ લાખને પાર, કુલ મૃત્યુઆંક ૧.૩૭ લાખથી વધુ

ન્યુ દિલ્હી,તા.૧

દેશમાં કોરોનાનું સંક્રમણ એકબાજુ જ્યાં ઘટી રહ્યું હોય તેવા સંકેત આપે છે ત્યાં કેટલાક રાજ્યોમાં કોરોના ફરીથી એકવાર માથું ઉચકતો જોવા મળી રહ્યો છે. આવામાં રાજ્ય સરકાર અને ભારત સરકાર માટે સમસ્યા ઊભી થઈ ગઈ છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જાહેર કરેલા તાજા આંકડા મુજબ દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૩૧,૧૧૮ દર્દીઓ નોંધાયા છે. આ સાથે કુલ કેસની સંખ્યા ૯૪,૬૨,૮૧૦ પર પહોંચી ગઈ છે. જેમાંથી ૪,૩૫,૬૦૩ એક્ટિવ કેસ છે. જ્યારે ૮૮,૮૯,૫૮૫ દર્દીઓ સાજા થઈ ગયા છે.

કોરોનાએ એક જ દિવસમાં ૪૮૨ લોકોનો ભોગ લીધો છે. દેશમાં કોરોનાથી મૃત્યુનો આંકડો ૧,૩૭,૬૨૧ પર પહોંચી ગયો છે. રાજધાની દિલ્હીની વાત કરીએ તો ૩૨,૮૮૫ એક્ટિવ કેસ છે. અત્યાર સુધીમાં કુલ ૫,૨૮,૩૧૫ લોકો કોરોના સંક્રમિત થયા છે. જ્યારે કુલ ૯૧૭૪ લોકોએ અત્યાર સુધીમાં જીવ ગુમાવ્યો છે. જ્યારે મહારાષ્ટ્રમાં ૯૧,૬૨૩ એક્ટિવ કોરોના કેસ છે. જ્યારે કુલ ૧૬,૮૫,૧૨૨ લોકો કોરોના સંક્રમિત થયા છે. અત્યાર સુધીમાં અહીં ૪૭,૧૫૧ લોકોના કોરોનાથી જીવ ગયા છે.

પ્રાપ્ત વિગતો મુજબ દેશમાં ૭ ઓગસ્ટના સૌપ્રથમ વખત ૨૦ લાખ કોરોનાના કેસો નોંધાયા હતા. ૨૩ ઓગસ્ટના ૩૦ લાખનો આંક વટાવ્યો હતો, ૫ સપ્ટેમ્બરના ૪૦ લાખ, ૧૬ સપ્ટેમ્બરના ૫૦ લાખ, ૨૯ સપ્ટેમ્બરના ૬૦ લાખ, ૧૧ ઓક્ટોબરના ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબરના ૮૦ લાખ તેમજ ૨૦ નવેમ્બરના ૯૦ લાખનો આંક વટાવ્યો હતો.

આસીએમઆરના મતે દેશમાં અત્યાર સુધીમાં કુલ ૧૪,૧૩,૪૯,૨૯૮ કોરોના સેમ્પલનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. ૩૦ નવેમ્બરના દેશમાં ૯,૬૯,૩૩૨ કોરોનના સેમ્પલનું ટેસ્ટિંગ હાથ ધરાયું હતું.

ભારતમાં તેજીથી કોરોના વેક્સીન બનાવવા પર કામ ચાલી રહ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તાજેતરમાં અમદાવાદના ઝાયડ્સ કંપનીના પ્લાન્ટમાં, હૈદરાબાદમાં ભારત બાયોટેક અને પૂણેમાં સિરમ ઈન્સ્ટિટ્યૂટની મુલાકાત લીધી છે. માનવામાં આવી રહ્યું છે કે, જલ્દી જ કોરોના વેક્સીનને લઈને ખુશખબરી આવી શકે છે.

રાજ્યમાં કોરોનાના નવા ૧૪૭૭ કેસ

રાજ્યમાં કોરોનાથી કુલ ૧૫ લોકોનાં મૃત્યુ થયા : રાજ્યમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા ૧૪૮૮૫ થઈ, વધુ ૧૫ મોતની સાથે રાજ્યમાં મૃત્યુઆંક ૪૦૦૦ પાર થયો

ગાંધીનગર, તા. ૧

ગુજરાતમાં કોરોના વાયરસનો કહેર વધતો જ જઈ રહ્યો છે. રાજ્યમાં અમદાવાદ, સુરત અને વડોદરામાં કેસ વધતા જઈ રહ્યાં છે તો ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના નવા ૧૪૭૭ કેસ સામે આવ્યા છે જ્યારે ૧૫ મોત નીપજ્યાં છે. કોરોનાની મહામારીમાં વધુ ૧૫ મોત સાથે જ મૃત્યુઆંક પણ ૪૦૦૦ પાર થયો છે. જ્યારે કોરોનાનો કુલ આંકડો પણ ૨૧૧૨૫૭ થયો છે. ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના કુલ ૬૮,૮૫૨ ટેસ્ટ કરવામાં આવ્યાં હતાં. જેથી કુલ ટેસ્ટનો આંકડો પણ ૭૮,૯૪,૪૬૭ થયો છે. રાજ્યમાં ૧૪૭૭ નવા દર્દીઓ સામે ૧૫૪૭ દર્દીઓ સ્વસ્થ થયા છે. જેથી સ્વસ્થ દર્દીઓનો આંકડો પણ ૧,૯૨,૩૬૮ એ પહોંચ્યો છે. રાજ્યની વસ્તીને ધ્યાનમાં લેતા દસ લાખની વસ્તી સામે પ્રતિ દિવસે ૧૦૫૯.૨૬ ટેસ્ટ થાય છે.

રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫,૨૬,૯૪૦ વ્યક્તિઓને ક્વોરન્ટીન કરવામાં આવ્યાં છે. જે પૈકી ૫,૨૬,૭૫૨ વ્યક્તિઓ હોમ ક્વોરન્ટીનમાં છે અને ૧૮૮ વ્યક્તિઓને ફેસિલિટી ક્વોરન્ટીનમાં રાખવામાં આવ્યાં છે. આ ઉપરાંત રાજ્યમાં કુલ ૧૪૮૮૫ એક્ટિવ કેસ છે. જેમાંથી ૮૧ દર્દીઓને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યાં છે. જ્યારે ૧૪૮૦૪ની સ્થિતિ સ્ટેબલ છે. રાજ્યમાં કોરોના વાયરસનો કહેર વધી રહ્યો છે. રાજ્યમાં આજ રોજ કોવિડ-૧૯ના કારણે કુલ ૧૫ દુઃખદ મોત નીપજ્યાં છે. અમરેલી તેમજ પાટણમાં ૧-૧, જેમાં અમદાવાદ કોર્પોરેશનમાં ૧૦, વડોદરામાં ૧ તેમજ સુરત કોર્પોરેશનમાં ૨ મોત નીપજ્યાં છે. જેથી રાજ્યમાં કુલ મૃત્યુઆંક પણ ૪૦૦૦ને પાર (૪૦૦૪) થયો છે.

ફૂટપાથ પર વિસામો - શહેરોમાં વસતા ગરીબોની સ્થિતિ અત્યંત કફોડી છે. શિયાળામાં પણ તેઓએ ફૂટપાથ પર જ રાત વિતાવવી પડે છે. ત્રણ દરવાજા પાસેની ફૂટપાથ પર સોશિયલ ડિસ્ટન્સિંગનું ધ્યાન રાખીને આરામ કરતા લોકો.

પૂર્વ ધારાસભ્યએ પૌત્રીની સગાઈમાં ૬૦૦૦ને ભેગા કર્યા

નિયંત્રણો માત્ર સામાન્ય લોકો માટે હોય એવો ઘાટ : તાપી જિલ્લાના નેતા કાંતિ ગામિતની પૌત્રીના લગ્નમાં સામાજિક અંતર અને માસ્ક પહેરવાના નિયંત્રણનો ભંગ

સુરત, તા. ૬

આખા ગુજરાતમાં કોરોના મહામારીએ હાહાકાર મચાવ્યો છે ત્યારે સરકાર અને પોલીસ પણ એક્શનમાં આવી ગઈ છે અને લોકોને કોરોના માહામારીમાં ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરવા અપીલ કરી રહી છે. જો કોઈ વ્યક્તિ માસ્ક વગર જાહેરમાં જોવા મળે તો તેને દંડ પણ ફટકારવામાં આવે છે. ત્યાં જ રાજ્ય સરકાર દ્વારા વડોદરા, અમદાવાદ, સુરત અને રાજકોટમાં રાત્રિ કરફ્યૂ પણ લાદી દેવામાં આવ્યું છે. આ ચાર શહેરોમાં તો રાત્રિ દરમિયાન લગ્નનું આયોજન કરવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. ત્યાં જ જો કોઈ લગ્નમાં લોકો માસ્ક વગર હોય અથવા સોશિયલ ડિસ્ટન્સ ન જળવાતું હોય ત્યાં અધિકારીઓ પહોંચી મસમોટો દંડ પણ ફટકારી રહ્યા છે. જેનો પ્રથમ કિસ્સો સુરતમાં પણ બન્યો હતો.

બીજી તરફ કોરોના મહામારી દરમિયાન ભાજપના નેતાઓ દ્વારા કોરોના ગાઈડલાઈનનું ઉલ્લંઘન કરવાના અનેક કિસ્સાઓ સામે આવી ચૂક્યા છે. ત્યારે હવે વધુ એક ભાજપ નેતા દ્વારા ૬૦૦૦થી વધુ લોકોના જીવ જોખમમાં મૂકવામાં આવ્યા છે. ભાજપ નેતાએ પોતાની પુત્રીના લગ્નમાં એક જાહેર કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમા લગભગ ૬૦૦૦થી વધુ લોકો જોડાયા હતા. અને આ લગ્ન સમારંભમાં કોરોના ગાઈડલાઈનનાં ધજાગરા ઉડ્યા હતા. તાપી જિલ્લાના ભાજપના પૂર્વ ધારાસભ્ય કાંતિ ગામિતની પૌત્રીના લગ્નમાં કોરોના ગાઈડલાઈનના ધજાગરા ઉડ્યા હતા. આ લગ્નમાં ૬૦૦૦થી વધુ લોકો સામેલ થયા હતા. અને લોકો માસ્ક પહેર્યા વગર ડાન્સ કરી રહ્યા હતા. કોરોના મહામારીમાં પણ આટલી મોટી સંખ્યામાં લોકોને બોલાવવા ન જોઈએ તેટલી સામાન્ય સમજણ પણ પૂર્વ ધારાસભ્યમાં જોવા ન મળી અને પોતાની પૌત્રીની ઉજવણીમાં ઘેલા બનેલા ધારાસભ્ય કાંતિ ગામિતે લોકોના જીવ જોખમમાં મૂક્યા

હતા. આ લગ્ન સમારંભમાં લોકો માસ્ક વગર જ ફરી રહ્યા હતા તેમજ સોશિયલ ડિસ્ટન્સ તો સહેજ પણ જળવાયું ન હતું. જોકે સ્થાનિક પોલીસે પણ આટલી મોટી સંખ્યામાં લોકો અહિં એકઠા થયા છતા તેમની સામે કોઈ પગલા ભર્યા ન હતા. આ લગ્ન સમારંભમાં સ્થાનિક પોલીસ મૂકપ્રેક્ષક બની ગઈ હતી. અને લોકોએ સીધે સીધુ કોરોના મહામારીને આમંત્રણ આપ્યું હતું.

મહત્વની વાત તો એ છે કે, પૂર્વ ધારાસભ્યએ પોતાના વિસ્તારમાં લોકોની સેવા કરવી જોઈએ અને કોરોના મહામારી જેવા કપરા સમયમાં આ વાયરસ વધારે ફેલાય નહી તેવું કામ કરવા જોઈએ. ત્યારે ભાજપના પૂર્વ મંત્રી અને પૂર્વ ધારાસભ્ય દ્વારા જ હજારો લોકોના જીવ સાથે ચેડા કર્યા તે ખુબ જ મોટી લાપરવાહી ગણી શકાય.

અહેમદ પટેલના પુત્ર-પુત્રીનો રાજકારણમાં જોડાવા ઈનકાર

ભરુચ,તા.૧

કોંગ્રેસના વરિષ્ઠ સ્વ. નેતા અહેમદ પટેલના દીકરા-દીકરીએ સક્રિય રાજકારણમાં જોડાવા અંગેની અટકળો પર પૂર્ણવિરામ મૂકી દીધું છે. અહેમદ પટેલના દીકરા ફૈઝલ પટેલ અને દીકરી મુમતાઝે જણાવ્યું છે કે, તેઓ રાજકારણમાં જોડાવાને બદલે પિતા દ્વારા શરુ કરવામાં આવેલા સામાજીક કાર્યને આગળ વધારશે. રાજ્યસભાના સાંસદ એવા અહેમદ પટેલના અવસાનથી તેમની બેઠક પણ ખાલી પડી છે. એવી અટકળો હતી કે અહેમદ પટેલના દીકરા કે દીકરીને કોંગ્રેસ આ બેઠક પરથી ચૂંટણી લડાવી શકે છે. સોમવારે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા સહિતના પક્ષના વરિષ્ઠ નેતાઓએ પીરામણ જઈ અહેમદ પટેલના પરિવારજનોની મુલાકાત લીધી હતી. ફૈઝલ પટેલે જણાવ્યું હતું કે સમાજના વિભિન્ન વર્ગના લોકો તેમના પિતાને શ્રદ્ધાંજલિ આપવા માટે આવી રહ્યા છે, અને મારા પિતાએ તેમને કઈ રીતે મદદ કરી હતી તેની વાતો કરી રહ્યા છે. મારા પિતા પ્રત્યે લોકોનો આવો પ્રેમ અમને અભિભૂત કરનારો છે. કેટલાક રાજકારણીઓ અમને સક્રિય રાજકારણમાં જોડાવા માટે પણ સલાહ આપી રહ્યા છે. જોકે, અમે લોકોને કહેવા ઈચ્છીએ છીએ કે અમારો રાજકારણમાં જોડાવાનો કોઈ ઈરાદો નથી, અને અમે અમારા પિતાએ શરુ કરેલા સામાજીક કાર્યને આગળ ધપાવવાનું પસંદ કરીશું, તેમ પણ ફૈઝલ પટેલે કહ્યું હતું. પીરામણમાં અહેમદ પટેલ દ્વારા એચએમપી ફાઉન્ડેશનની સ્થાપના કરવામાં આવી હતી, જે આરોગ્ય તેમજ શિક્ષણના ક્ષેત્રે આસપાસના ગામડામાં કામ કરે છે. આ સંસ્થા આઈટીઆઈ પણ ચલાવે છે, અને એક દવાખાનું, ત્રણ એમ્બ્યુલન્સ તેમજ ગરીબોને ફ્રીમાં શિક્ષણ પણ પૂરું પાડે છે. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે ફૈઝલ તેમજ મુમતાઝ સક્રિય રાજકારણમાં જોડાવા નથી ઈચ્છતા. પરંતુ અમે માનીએ છીએ કે જો તેઓ પક્ષ સાથે જોડાશે તો તેનાથી પક્ષ સાથે તેમને પણ અહેમદભાઈની શાખનો ફાયદો મળશે.

લવ જેહાદ માટે ગુજરાતમાં પણ કાયદો ઘડવા ઉગ્ર માગ

ભાજપ શાસિત બે રાજ્યોમાં કાયદો બનતા હવે રાજ્યમાં પણ ધર્માંતરણ સામે કાયદો ઘડવાની ધારાસભ્યની માગ

ડભોઈ, તા. ૧

ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશમાં લવ જેહાદને લઈને આકરા કાયદા બનાવવામાં આવ્યા છે. ઉત્તર પ્રદેશમાં આ નિયમોનું ઉલ્લંઘન કરનારને આકરી જેલની સજા અને આકરા દંડનીએ પણ જોગવાઈ કરવામાં આવી છે. હવે આવો જ કાયદો ગુજરાતમાં પણ ઘડવાની માગણી ઉઠવા પામી છે.

ઉત્તર પ્રદેશમાં જો માત્ર લગ્ન માટે છોકરીનો ધર્મ બદલવામાં આવશે તો આવા લગ્નને અમાન્ય જાહેર કરવામાં આવશે. સાથે સાથે જેમણે પોતાનો ધર્મ બદલ્યો છે તેમને પણ દસ વર્ષ માટે જેલની સજા ચૂકવવી પડી શકે છે. બિનજામીનપાત્ર અપરાધના કેસમાં ફર્સ્ટ ક્લાસ મેજિસ્ટ્રેટની કોર્ટ સામે કાર્યવાહી કરવામાં આવશે. જો દોષિત સાબિત થશે તો આરોપીને ઓછામાં ઓછી એક વર્ષ અને વધુમાં વધુ પાંચ વર્ષની સજા થવી પડશે. આ સાથે ઓછામાં ઓછો ૧૫,૦૦૦ રૂપિયાનો દંડ પણ ભરવો પડશે. આવા કિસ્સાઓમાં, જો કેસ સગીર મહિલા, અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત જનજાતિની મહિલાના સંદર્ભમાં હોય, તો આરોપીને ત્રણ વર્ષથી દસ વર્ષ અને ઓછામાં ઓછો ૨૫,૦૦૦ રૂપિયાનો દંડ ભરવો પડશે. યોગી આદિત્યનાથ સરકારે લવ જેહાદ અને જબરદસ્તી ધર્માંતરણને કારણે કાયદો અને વ્યવસ્થાના મુદ્દે કેબિનેટની બેઠકમાં ધર્માંતરણ વટહુકમ વિરુદ્ધ કાયદો પસાર કર્યો હતો. આ વટહુકમ ને ખોટું બોલીને અથવા છેતરપિંડી કરીને અથવા છેતરપિંડી કરીને ધર્મ પરિવર્તન ને અટકાવવા માટે લાવવામાં આવ્યો છે.

રાજકોટ અગ્નિકાંડના ત્રણેય આરોપી ડોક્ટરોના જામીન મંજૂર કરાયા

રાજકોટ,તા.૧

રાજકોટમાં આનંદ બંગલા ચોક નજીક આવેલી ઉદય શિવાનંદ કોવિડ હોસ્પિટલમાં સર્જાયેલા અગ્નિકાંડમા ૫ દર્દીઓના મોત થયા હતા. ત્યારે આ મામલે ૫ ડોક્ટર વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે. જેમાંથી ત્રણ ડોક્ટરની રાજકોટ તાલુકા પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. જેને આજે રાજકોટ કોર્ટમાં રજૂ કરવામાં આવતા કોર્ટ દ્વારા આરોપી ડોક્ટરને જામીન પર મુક્ત કરવામાં આવ્યા હતા. રાજકોટ પોલીસે આગ મામલે પ્રાથમિક કાર્યવાહીમાં અકસ્માતે મોત હેઠળ પ્રાથમિક ગુનો નોંધ્યો હતો.

ત્યારબાદ એસઆઈટી દ્વારા બે દિવસની તપાસ કરવામાં આવતા, આ મામલે હોસ્પિટલ તંત્ર દ્વારા ગંભીર બેદરકારી દાખવી હોવાનું સામે આવતા પોલીસે આ મામલે ૫ ડોક્ટરો વિરુદ્ધ આઈપીસી ૩૦૪-અ તેમજ ૧૧૪ હેઠળ ગુનો નોંધી ૩ આરોપી ડોક્ટરોનો કોરોના રિપોર્ટ નેગેટિવ આવતા તાત્કાલિક તેમની ધરપકડ કરવામાં આવી હતી. જેમને મંગળવારે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. અગ્નિકાંડમાં સામેલ એવા ગોકુલ લાઈફ કેર પ્રા.લિ.ના ચેરમેન ડો.પ્રકાશ મોઢા, વિશાલ મોઢા, ડો.તેજસ કરમટાની પોલીસે વધુ પૂછપરછ માટે રિમાન્ડની માગણી કરી હતી પરંતુ કોર્ટે ત્રણેય આરોપી ડોક્ટરોના રિમાન્ડની માગ ફગાવી હતી અને જામીન મંજુર કર્યા હતા. ઉલ્લેખનીય છે કે આરોપીઓને જજ એલ. ડી. વાઘની કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતાં.રાજકોટના આ અગ્નિકાંડમાં ૫ દર્દીઓના જીવ હોમાઈ ગયા છે.

કંપની સમાચાર

ઈન્ડિયન ઓઈલે ટ્રક્સ માટે વિશ્વકક્ષાનું BS VI ડિઝલ એન્જિન ઓઈલ્સ રજૂ કર્યુ

ગ્રાહકોને નાવિન્યપૂર્ણ પ્રોડક્ટસ ઓફર કરવાની પ્રતિબદ્ધતાનાં ભાગરૂપે ઈન્ડિયન ઓઈલે નેક્સ્ટ જેન મોબિલીટી સર્વો પ્રાઈડ દ્રઈઠ સિરીઝ લુબ્રિકન્ટસ - પ્રીમિયમ BS VI એન્જિન ઓઈલની રજૂઆત કરી છે.

સર્વો પ્રાઈડ NEX લુબ્રિકન્ટસ ડિઝલ એન્જિન્સ માટે ઉચ્ચધિક સ્પેશીફીકેશનસ API CK અને અનુરૂપ છે. તેમજ અગાઉનાં ડિઝલ એન્જિન વર્ઝન્સ સાથે પણ સુસંગત છે. ઈન્ડિયન ઓઈલનાં અત્યાધુનિક આર એન્ડ ડી સેન્ટરમાં ફોર્મ્યુલેટ થયેલા આ ઓઈલ સુપીરીયર એન્જિન પરફોર્મન્સ આપે છે તેમજ લાંબા ગાળાની જરૂરિયાતો માટે બે ટકા સુધીનાં ફ્યુઅલ ઈકોનોમી બેનિફીટ્સ આપે છે. સર્વો પ્રાઈડ NEX સિરીઝ લુબ્રિકન્ટસ ત્રણ વેરિયન્ટસમાં ઉપલબ્ધ છે. સર્વો પ્રાઈડ NEX 10 W 30 સર્વો પ્રાઈડ NEX 10 W 40 અને સર્વો પ્રાઈડ NEX 15 W 40 નો સમાવેશ થાય છે.

પ્રવાહ એન્ડ કમ્યુનિટી યુથ કલેક્ટિવના અશરફ પટેલ સોશિયલ એન્ટરપ્રેન્યોર ઓફ ધ યર (SEOY) એવોર્ડ-ઈન્ડિયા ૨૦૨૦, જીત્યા

ભારત સરકારના મહિલા અને બાળ કલ્યાણ મંત્રી અને ટેક્સટાઈલ મંત્રી સ્મૃતિ ઝુબિન ઈરાનીએ એવોર્ડ એનાયત કર્યો

વર્લ્ડ ઈકોનોમિક ફોરમની ભગીની સંસ્થા શ્વાબ ફાઉન્ડેશન ફોર સોશિયલ એન્ટરપ્રેન્યોરશીપ અને જ્યુબિલન્ટ ભરતિયા ગ્રૂપના જ્યુબિલન્ટ ભરતિયા ફાઉન્ડેશન દ્વારા આજે પ્રવાહ એન્ડ કમ્યુનિટી યુથ કલેક્ટિવ (CYC) ના અશરફ પટેલને સોશિયલ એન્ટરપ્રેન્યોર ઓફ ધ યર એવોર્ડ - ઈન્ડિયા ૨૦૨૦ ના વિજેતા જાહેર કરવામાં આવ્યા છે. આ એવોર્ડ ભારત સરકારના મહિલા અને બાળ કલ્યાણ મંત્રી અને ટેક્સટાઈલ મંત્રી શ્રીમતી સ્મૃતિ ઝુબિન ઈરાનીએ સમગ્ર વિશ્વમાં અલગ અલગ ક્ષેત્રોમાંથી ઉપસ્થિત અગ્રણી હસ્તીઓની હાજરીમાં યોજાયેલા વર્ચ્યુઅલ કાર્યક્રમ દરમિયાન એનાયત કર્યો હતો.

ભાજપ આ મહિને સંગઠન માળખું જાહેર કરશે

૭૦-૮૦ ટકા નવા ચહેરાઓને સ્થાન મળે તેવી ચર્ચા : પ્રદેશ અધ્યક્ષ પાટીલે જિલ્લા પ્રમુખોની નિમણૂંક કર્યા બાદ હવે જિલ્લા સંગઠનમાં નિમણૂંકની પ્રક્રિયા હાથ ધરી

ગાંધીનગર,તા.૧

ગુજરાત પ્રદેશ ભાજપની કમાન સંભાળ્યા બાદ નવ નિયુક્ત પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટીલે જિલ્લા પ્રમુખોની નિમણૂક કર્યા બાદ હવે જિલ્લા સંગઠનમાં નિમણૂકની પ્રક્રિયા હાથ ધરી છે. દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતના ૧૮ જિલ્લાઓની નિમણૂક પૂર્ણ થઈ છે. હવે આગામી એક સપ્તાહમાં સૌરાષ્ટ્ર સહિત બાકીના તમામ જિલ્લાઓની નિમણૂક પૂર્ણ કરી દેવામાં આવશે. મિશન ૧૮૨ અંતર્ગત સીઆર પાટીલ તરફથી જિલ્લા પ્રમુખમાં માત્ર છ ચહેરાઓને જ રિપિટ કરવામાં આવ્યા છે. તો એક વ્યક્તિ એક મુદ્દાની વાત પણ તેમની જિલ્લા પ્રમુખોની પસંદગીમાં જોવા મળી હતી. હવે આગામી દિવસોમાં પ્રદેશ ભાજપના માળખું જાહેર થવા જઈ રહ્યું છે. જેમાં પણ ૭૦થી ૮૦ ટકા નવા ચહેરાઓને સ્થાન મળે તેવી વાત ભાજપના સૂત્રો કહી રહ્યા છે. તમામ જિલ્લા અને મહાનગરોના સંગઠન પૂર્ણ થયા બાદ પ્રદેશ ભાજપની ચિંતન બેઠક મળશે, ત્યારબાદ પ્રદેશ સંગઠનની જાહેરાત કરવામાં આવશે. ભાજપના આધારભૂત સૂત્રો જણાવી રહ્યા છે કે પ્રદેશ મહામંત્રીની રેસમાં સૌરાષ્ટ્રમાંથી ગોરધન ઝડફિયા, મધ્ય ગુજરાતમાંથી ભાર્ગવ ભટ્ટ, ઉત્તર ગુજરાતમાંથી રજની પટેલ અથવા ઋષિ પટેલ સામેલ છે. દક્ષિણ ગુજરાતમાંથી કોઈ નવો ચહેરો આવે તેવી શકયતા જોવા મળી રહી છે. ઉલ્લેખનીય છે કે ભારતીય સીઆર પાટીલ તરફથી તાજેતરમાં જ ૩૨ જિલ્લા અને સાત શહેર માટે પ્રમુખોની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં રાજકોટ શહેર, જૂનાગઢ જિલ્લા, સાબરકાંઠા, કચ્છ, તાપી અને નર્મદા એમ છ પ્રમુખોને રિપીટ કરવામાં આવ્યા છે. સાથે ૩૩ નવા ચહેરાને પણ સ્થાન આપવામાં આવ્યું છે.

બેઠક અનિર્ણિત

● અનુસંધાન પહેલાનું ચાલુ

મીટિંગમાં ટી બ્રેક લીધી હતી. મંત્રીઓએ ખેડૂતોને ચાની ઓફર પણ કરી હતી. ત્યારે જ, એક ખેડૂત ઊભો થયો અને કહ્યું કે તેણે (પ્રધાન) તેમની સાથેની સિંધુ સરહદ પર જલેબી અને લંગરનો સ્વાદ લેવા સામી ઓફર કરી હતી. એટલું જ નહીં, મંત્રીઓએ આપેલી ચાના પ્રસ્તાવને ખેડૂતોએ ઠુકરાવી દીધા હતા. આ બેઠક બાદ ખેડૂત નેતાઓ બહાર આવ્યા હતા.

સરકારે ખેડૂત નેતાઓની એક સમિતિ બનાવવાની દરખાસ્ત કરી છે, જે હાલના કાયદાની સમીક્ષા કરશે. જોકે, આ ઓફર ખેડૂતોએ સ્વિકારી નહતી. નવા કૃષિ કાયદાની ચર્ચા કરવા માટે સરકારે પ્રસ્તાવ મૂક્યો છે કે ખેડૂત નેતાઓ તેમની સંસ્થાઓમાંથી ૪-૫ લોકોનાં નામ આપે અને સરકારના પ્રતિનિધિઓ અને કૃષિ નિષ્ણાતોની બનેલી એક સમિતિની રચના કરે અને તેઓ એક સાથે મળીને આ કાયદા પર મંથન કરશે.

આ બેઠકમાં કૃષિ પ્રધાન નરેન્દ્રસિંહ તોમર અને પિયુષ ગોયલે પણ ભાગ લીધો હતો. આ બેઠકમાં ભાગ લેવા વિજ્ઞાન ભવન ખાતે ૩૫ જેટલા ખેડૂતોના પ્રતિનિધિઓ પહોંચ્યા હતા. દરમિયાનમાં શાહીન બાગના કાર્યકર બિલ્કિસ દાદી પણ આ પ્રદર્શનમાં હાજર રહેવાના હતા પરંતુ દિલ્હી પોલીસે દાદીને સિંઘુ બોર્ડર પર નિદર્શન સ્થળે જતાં અટકાવ્યા. પ્રદર્શનમાં ભાગ લેવા પોલીસે સિંઘુ બોર્ડર (દિલ્હી-હરિયાણા બોર્ડર) પહોંચેલા બિલ્કિસ દાદીની અટકાયત કરી હતી. અગાઉ એવું અહેવાલ મળ્યું હતું કે એમસીડી ટોલ પ્લાઝા પર પોલીસે તેને અટકાવ્યો હતો અને કાર દ્વારા પરત મોકલી દીધો હતો.

કેન્દ્રનાં ત્રણ કૃષિ બિલોની વિરુદ્ધ પંજાબમાં તો દેખાવો પહેલેથી ચાલી રહ્યાં હતાં, જોકે ૬ દિવસ પહેલાં જ પંજાબ-હરિયાણાના ખેડૂતોએ દિલ્હી કૂચ કરી હતી. પોલીસે તેમને બોર્ડર પર જ રોકી દીધા. સરકારે ખેડૂતોને કહ્યું હતું કે તેઓ દેખાવો બંધ કરીને બુરાડી આવી જાત તો વાતચીત પહેલાં જ થઈ ગઈ હોત. કિસાનોએ સરકારની શરત ન માની, પરંતુ રવિવારે કહ્યું કે હવે દિલ્હીના ૫ એન્ટ્રી પોઈન્ટ્સને સીલ કરાશે.

જીએસટી

● અનુસંધાન પહેલાનું ચાલુ

નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦માં ૧૨માંથી ૮ મહિનામાં જીએસટી કલેક્શન એક લાખ કરોડ રુપિયાથી વધુ રહ્યુ હતું. જોકે ચાલુ નાણાંકીય વર્ષમાં મંદી અને કોરોના મહામારીને લીધે જીએસટી કલેક્શન પ્રભાવિત થયું હતું.

ચાલુ નાણાંકીય વર્ષમાં એપ્રિલમાં જીએસટી કલેક્શન ૩૨,૧૭૨ કરોડ રુપિયા, મેમાં ૬૨,૧૫૧ કરોડ, જૂનમાં ૯૦,૯૧૭ કરોડ, જૂલાઈમાં ૮૭,૪૨૨ કરોડ, ઓગસ્ટમાં ૮૬,૪૪૯ કરોડ, સપ્ટેમ્બરમાં ૯૫,૪૮૦કરોડ રુપિયા અને ઓક્ટોબરમાં ૧,૦૫,૧૫૫ કરોડ રુપિયા રહ્યુ હતું.

વિદેશી પેટર્ન પર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કામગીરી હાથ ધરાશે. આ વિદેશી પેટર્નના આધારે સર્કલ ફરતેના વિસ્તારને માર્ગ સલામતીની દ્રષ્ટીએ વધુ યોગ્ય બનાવાશે. જેથી સર્કલ વિસ્તારમાં ટ્રાફિકના ધમધમાટ વચ્ચે પણ માર્ગ સલામતી જળવાઈ રહેશે જયારે ગતિ નિયંત્રણના અભાવ વચ્ચે અકસ્માતો સર્જાવાનુ જોખમ પણ ટાળી શકાશે. શહેરના મુખ્યમાર્ગો પર અકસ્માત નિવારવા તંત્ર દ્વારા ક્રોસ રસ્તાઓને અનુલક્ષીને સોલાર લાઈટો પણ મુકવામાં આવી છે. જેથી દિવસ દરમિયાન પણ આ જગમગતી લાઈટના લીધે દુરથી આવતા વાહન ચાલકોને ક્રોસ રસ્તા અંગે સજાગતા રહે. હાલ સર્કલોની કામગીરી ચાલી રહી છે. પ્રથમ તબક્કામાં નગરના ચ-૩ સર્કલને આ પેટર્ન પર વિકસાવામાં આવ્યુ હતુ જયારે હવે અન્ય ત્રણ સર્કલોને આવરી લેવાશે. જેથી સર્કલ વિસ્તારમાં વાહનો પલ્ટી મારવાના બનાવો પણ અટકશે.